# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે તા.૩૧/૦૩/૨૦૨૦, મંગળવારના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) - ૨૦૨૦ ની પરીક્ષાનું એડમીશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket)ફક્ત ઓનલાઇન મૂકવામાં આવશે. જેની ગુજકેટ-૨૦૨૦ ના તમામ ઉમેદવારોએ, વાલીઓએ તથા રાજ્યની વિજ્ઞાનપ્રવાહની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

ગુજકેટ-૨૦૨૦ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ પોતાનું એડમીશન કાર્ડ (પ્રવેશિકા)બોર્ડની વેબસાઈટ gujcet.gsebht.in અથવા gsebht.in અથવા gseb.org પરથી તા.૧૬/૦૩/૨૦૨૦, સોમવાર (સાંજે ૧૮:૦૦કલાક) થી Download કરવાનું રહેશે. જેમાં ઉમેદવારોએ ગુજકેટ-૨૦૨૦ માટે ભરેલ આવેદનપત્રમાં નોંધાયેલ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ-ડી અને જન્મ તારીખ અથવા એપ્લીકેશન નંબર દાખલ કરી એડમીશન કાર્ડ (પ્રવેશિકા / Hall Ticket) ડાઉનલોડ કરવાની રહેશે. ઉમેદવારો પોતાના નામ પરથી પણ એડમીશન કાર્ડ (પ્રવેશિકા) Search કરી અને જન્મ તારીખની વિગત ભરીને ડાઉનલોડ કરી શકશે.

આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલ રાજયની વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પોતાના ઇન્ડેક્ષ નંબર તથા રજીસ્ટર્ડ મોબાઇલ નંબર નો ઉપયોગ કરી લોગ-ઇન કરીને પોતાની શાળાના ગુજકેટ-૨૦૨૦ માટેના ઉમેદવારોના એડમીશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ડાઉનલોડ કરીને તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરી શકશે.

ગુજકેટ-૨૦૨૦ માટેની એડમીશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ફકત ઓનલાઇન માધ્યમથી મળી રહેશે જે પરીક્ષામાં પ્રવેશ માટે માન્ય રહેશે. આ હોલટીકીટ પર શાળાના આચાર્યશ્રીઓનો સહી સિક્કો કરાવવાની જરૂર નથી જે ધ્યાને લેશો.

વધુમાં જણાવવાનું કે વિદ્યાર્થીએ પરીક્ષા દરમ્યાનએડમીશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) સાથે કોઇ પણ એક ફોટો આઈ ડી પ્રૂફ(આધાર કાર્ડ અથવા ડ્રાઇવીંગ લાયસન્સ અથવા ધોરણ-૧૨ ની મુખ્ય પરીક્ષાની હોલટીકીટ) સાથે લઈ જવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી.

(જે. જી. પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા- ૧૬/૦૩/૨૦૨૦, સોમવાર
સ્થળ - ગાંધીનગર

ક્રમાંક: જિ.શિ. બોર્ડ/૨૦૧૯-૨૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
વડોદરા તા.૧૬/૦૩/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉ.મા. શાળાઓ (તમામ)
જિ. વડોદરા

- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

Scanned with CamScanner